PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/કવા–૦૪/૧૭–૧૮/ (404(7) તા. 16-02-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નાનુભાઈ ભગવાનભાઈ કોળી,
ગામ: વરમાધાર
તા.થાનગઢ
જી. સુરેન્દ્રનગર, પીનકોડ – ૩૬૩૫૩૦
મો: ૭૫૬૭૪ ૮૧૭૩૫

વિષય :–ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૫/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,સરા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૦૫/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૦–૦૧–૧૮ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: નાનુભાઈ ભગવાનભાઈ કોળી, ગામ: વરમાધાર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી નાનુભાઈ ભગવાનભાઈ કોળી રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,સરા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)**

**રજુઆત કરનાર :આઈ.એમ.મોડ – પેટા વીભાગીય કચેરી,સરા**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ સામાન્ય યોજના હેઠળ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૨૩–૧૧–૧૯૯૫ થી રૂ.૧૦૦/– ભરીને – રસીદનંબર: ૩૩૯૪૭ – થી અરજી કરેલ છે. તેમ છતા, તેઓને નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નુ ભાવપત્રક આજદિન સુધી મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર નાનુભાઈ ભગવાનભાઈ કોળી, ગામ: વરમાધાર તા.થાનગઢ મા તેઓની ખેતીવાડી જમીન સર્વે નંબર: ૧૦૧ પૈકી મા – વીજ જોડાણ મેળવવા માટે તા.૨૩–૧૧–૧૯૯૫ ની અરજી ના અનુસંધાને, કચેરી મા હૈયાત રેકર્ડ ની ચકાસણી કરતા – સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા ક્રમાંક: ૯૩૫ અન્વયે – સર્વે નંબર: ૧૦૧ – એસ.આર. નં.૧૨૪૪૪૦૮ મુજબ – નોંધણી થયેલ છે. જેનો અગ્રતાક્રમ મુજબ – અંદાજપત્ર આઉટવર્ડ નં.–૧૯૮૩ તા.૦૨–૦૫–૧૨ ના રોજ ઈસ્યુ કરાયેલ છે, જેની નોંધ ઓફિસ ના આઉટવર્ડ રજીસ્ટર – પેઈજ નં. ૧૫૩,સીરીયલ નં.–૧૯૮૩ એસ.આર. નં.૧૨૪૪૪૦૮ મુજબ – અરજદાર ને અપાયેલ છે. જે ઉપર થી કહી શકાય કે – અરજદાર ને અરજી ના અનુસંધાને – વીજ જોડાણ મેળવવા માટે અંદાજપત્ર અપાયેલ છે. જે સમયમર્યાદા મા ભરપાઈ કરેલ નથી. તેમજ, ભાવપત્રક ભરપાઈ થયેલ છે, તેની કોઈ નોંધણી કરાયેલ નથી. વધુમા– સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર તપાસતા તેજ ગામના બીજા અરજદાર જી.પી. રજીસ્ટર સીરીયલ નં.–૯૩૬, રબારી રતાભાઈ ને પણ તે જ દિવસે ભાવપત્રક અપાયેલ, જે ભરપાઈ કરી આપતા – તેમનુ વીજ જોડાણ અપાયેલ છે. આમ, તે જ ગામ ના બીજા અરજદાર ને ભાવપત્રક જે તે સમયગાળા મા મળી ગયેલ છે, જયારે ફરીયાદી અરજદાર ની રજુઆત મુજબ – તેઓને ભાવપત્રક મળેલ નથી. તે સંભવ નથી, તેમજ સદર અરજદાર દ્વારા – સદર વીજ જોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કોઈપણ જાતની રજુઆત કરેલ નથી. જેથી, અરજદાર ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. |

**: નિષ્કર્ષ :**

**મુદદા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | • અરજદાર ની રજુઆત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ના અનુસંધાને ભાવપત્રક ન મળવાની ફરીયાદ ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – અરજદાર ની ખેતીવાડી જમીન સર્વે નંબર: ૧૦૧ મા વીજ જોડાણ મેળવવા માટે તા.૨૩–૧૧–૧૯૯૫ ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા અંદાજપત્ર આઉટવર્ડ રજીસ્ટર સી.નં.–૧૯૮૩ , તા. ૦૨–૦૫–૧૨ ના રોજ એસ.આર. નં.૧૨૪૪૪૦૮ મુજબ ભાવપત્રક અપાયેલ છે. જે અરજદાર ને મળેલ ન હોય – તે બાબતે ફોરમ કમિટી દ્વારા માંગવામા આવેલ વધુ મૌખિક – માહિતી આધાર – પુરાવા રજુ કરવા પીજીવીસીએલ પક્ષકાર ને જણાવેલ. જેની વિગત પીજીવીસીએલ દ્વારા નીચે મુજબ – રજુ કરાયેલ છે.<br>• અરજદાર ના ગામનો નમુનો નં. : ૮–અ મુજબ – જુના સર્વે નંબર (૩૩,૩૫,૧૦૧) એમ કુલ ૦૩ સર્વે નંબર મા – ખેતીવાડી ની જમીન ધરાવે છે. જેમા અરજદાર શ્રી નાનુભાઈ ભગવાનભાઈ કોળી ના નામથી સર્વે નંબર: ૩૫ મા ગ્રાહક નં. : ૭૨૮૧૬/૦૧૦૪૮/૧ થી ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. જે સ્કેર સીટી –૧૯૯૨ યોજના અંતર્ગત રીલીઝ થયેલ છે. બાકીના અન્ય બે સર્વે નંબર ( ૩૩, ૧૦૧) મા કોઈ વીજ જોડાણ હૈયાત નથી, કે અગાઉ રદબાતલ થયેલ નથી.<br>• સરા પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.–૧૧૩૯ તા.૦૯–૦૨–૧૮ તેમજ, પત્ર નં.–૨૦૦૫ તા.૧૪–૦૨–૧૮ તેમજ, મુજબ – અરજદાર ને ભાવપત્રક – રજીસ્ટર્ડ ટપાલ દ્વારા અપાયેલ હોય – તે બાબતે સરા પોસ્ટ ઓફિસ દ્વારા – ૨૦૧૪ પહેલાનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તે અંગે બ્રાન્ચ પોસ્ટ ઓફિસ સરા દ્વારા પ્રમાણીત કરી આપેલ છે. તેમજ, પીજીવીસીએલ ના ઓફિસ ની રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા – રજીસ્ટર્ડ ટપાલ ની પહોચ તેમજ, ૨૦૧૨ ની સાલ નુ પોસ્ટલ સ્ટેમ્પ રજીસ્ટર ઉપલબ્ધ નથી. સદર અરજદાર ના જુના દસ્તાવેજીક પુરાવા – એ–૧ ફોર્મ, ૭–૧૨,૮–અ વગેરે રેકર્ડ ઉપલબ્ધ નથી. અરજદાર ને ભાવપત્રક મળેલ ન હોય – તેમજ ભરપાઈ કરી શકેલ ન હોય – તેવા સંજોગો મા અગાઉ અરજદાર દ્વારા કોઈપણ પ્રકારની લેખીત અરજી કરવામા આવેલ હોય તેવો આધાર – પુરાવો રજુ કરેલ નથી. વધુમા – અરજદાર ની અરજી ભાવપત્રક નિયત સમયમર્યાદા મા ભરપાઈ ન થયા બાદ – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા સદર અરજી રદબાતલ કરાયેલ હોય – એવા કોઈ દસ્તાવેજીક પેપર્સ ઉપલબ્ધ નથી.<br>• આમ, ઉપરોક્ત હકીકત ના અનુસંધાને – સદર અરજદાર ને – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – ભાવપત્રક ઈસ્યુ કરવામા આવેલ છે, તે મુજબ – ભાવપત્રક ના આઉટવર્ડ નં.: ૧૯૮૩ તા.૦૨–૦૫–૧૨ જણાવેલ છે, પરંતુ રેકર્ડ ચકાસણી કરતા – ભાવપત્રક મોકલ્યા ની રજીસ્ટર્ડ ટપાલ ની પહોચ તેમજ તેને સંલગ્ન આધાર–પુરાવા મળેલ નથી. જેથી, સદર બાબતે – અરજદાર દ્વારા ભાવપત્રક ભરપાઈ કરેલ ન હોય – તેમજ પીજીવીસીએલ દ્વારા સદર અરજી રદબાતલ કરવા અંગેની કોઈ કાર્યવાહી કરેલ ન હોય – સદર કેઈસ મા, કુદરતી ન્યાય ના સિધ્ધાંત મુજબ – અરજદાર ને પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમાધીન રીતે ભાવપત્રક આપવા માટે ની કાર્યવાહી – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ને પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમાધીન રીતે ભાવપત્રક આપવા માટે ની કાર્યવાહી – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.